મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૫ ટકા

ગાંધીનગર તાપમાન

# મહાશિવરાત્રીએ ત્રણ હજાર લીટર દૂધ વધુ વપરાયું

## દરરોજ કરતા 3,૦૦૦ થી ૫,૦૦૦ લીટર દૂધનું વેચાણ આ દિવસે વધ્યું : સામાન્ય દિવસમાં ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ લીટર દૂધનું વેચાણ વધીને ૧૫,૦૦૦ લીટર થયું

ગાંધીનગર, તા. ૨

શહેરમાં મહાશિવરાત્રીના પાવન પર્વમાં૧૫,૦૦૦ લીટર દૂધનું વેચાણ થયું હતું. ગત બે વર્ષે કોરોના મહામારીના કારણે આ પર્વમાં ખૂબ ઓછું દૂધનું વેચાણ થયું હતું જયારે આ વર્ષે ૧૫,૦૦૦ લીટર દૂધનું વેચાણ થયુંહતું. ગાંધીનગરમાં દરરોજ લગભગ ૧૦ થી ૧૨ હજાર લીટર દૂધનુંવેચાણ થાય છે. જેમાં આ પર્વમાં ૧૫,૦૦૦ લીટર દૂધ વેચાયું હતું. એટલે કે દરરોજ કરતા મહાશિવરાત્રીના દિવસે ૩ થી ૫જાર લીટર દૂધના વેચાણમાં વધારો થયો હતો. મહાશિવરાત્રીના દિવસે દૂધના વેચાણ માટે અગાઉથી જ તૈયારીઓ કરી દેવાતી હોય છે.

ગાંધીનગરમાં શિવભકતોએ છેલ્લા બે વર્ષની શ્રધ્ધા આ વર્ષે સામટી કરી હોય તેવું લાગી રહ્યું છે. મહાદેવના ભકતોએ રેકોર્ડ બ્રેક દૂધનો વપરાશ કર્યો હતો. જેમાં શિવજીને દૂધનો અભિષેક, ભાંગની બનાવટમાં, ઉપવાસમાં ખવાતી વાનગીમાં, પ્રસાદમાં વિગેરેમાં દૂધનો ભરપુર ઉપયોગ કરવામાં આવ્યો હતો. મહાશિવરાત્રી પર્વના અગાઉ જ દૂધના ભાવમાં વધારો થયો છે. જેની અસર આ આંકડો જોતા મોંઘવારીનો માર જોવા મળતો નથી. જો કે ભકિતભાવમાં માનવાવાળા શહેરીજનોએ પણ મહાશિવરાત્રી જેવા અવસર પર મોંઘવારીને બાજુમાં મુકીને શિવજીને પ્રસન્ન કરવા માટે સંપૂર્ણ પ્રયાસ કરી મુકી છે. જેથી શહેરના શિવાલયોમાં દૂધના અભિષેક થવાના કારણે દૂધની નદીઓ વહેતી જોવા મળી હતી. દૂધના વેપારીઓને એક જ દિવસમાં મોટી માત્રામાં દૂધનું વેચાણ થયું હોવાથી ખુશીનો માહોલ હતો. આમ, મહાદેવને પ્રસન્ન કરવા ભકતોએ આ વર્ષે અઢળક દૂધનો વપરાશ કર્યો હતો.



### શહેરમાં મહાશિવરાત્રીએ દસ લાખના શક્કરિયા વેચાયા

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે માર્કેટમાંથી શકકરિયાનું વેચાણ ૧૦,૦૦,૦૦૦ રૂ. જેટલું થયું હતું. માર્કેટમાં વેપારીઓ પાસે શક્કરિયા પણ ખૂટી પડયા હતા. શહેરીજનોએ આ વર્ષે ૧૦ લાખ રૂપિયાના શક્કરિયાની ખરીદી કરી હતી. ઉપવાસમાં ખવાતા શક્કરિયા આ વર્ષે ૪૦ થી ૫૦ રૂપિયા કિલોભાવમાં વેચાતા હતા જે રાત્રી દરમિયાન ૧૦૦ રૂપિયા કિલો ભાવ થઈ ગયો હતો. ઓછી આવક હોવાથી ભાવ વધારે જોવા મળ્યો હતો. માર્કેટમાં મહાશિવરાત્રી બાદ શક્કરિયા ગાયબ થઈ ગયા હવે શક્કરિયાની નવી આવક થશે અને ફરીથી નવા શક્કરિયા માર્કેટમાં વેચાતા જોવા મળશે.

## આર્યસમાજ ખાતે સ્વામી દયાનંદની ૧૯૮મી જન્મજયંતિ નિમિત્તે તમામ ગ્રંથોની પ્રદર્શનીનું આયોજન

ગાંધીનગર, તા. ૨

સ્વામી દયાનંદ સારસ્વતીની ૧૯૮મી જન્મજયંતિના પાવન અવસરે આર્યસમાજ, સે-૨૪ ખાતે ત્રણ દિવસીય ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જે તારીખ ૨૬થી ૨૮ સુધી આર્યસમાજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વેદ, બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, કલ્પસૂત્રો ધર્મસૂત્રો, વેદાંગો વગેરે ગ્રંથોને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનીનું



ઉદઘાટન ગુજરાત રાજયના રાજયપાલ દેવવ્રત આચાર્યની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય દર્શના (ધર્મપત્ની, રાજયપાલ), એમ.એસ. પરીખ (પૂર્વ ન્યાયમૂર્તિ, હાઈકોર્ટ, ગુજરાત) પ્રો. હર્ષદ પટેલ (કુલપતિ, ટીચર્સ યુનિ. ગાંધીનગર) તથા અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વેદ અને વેદને લગતા બધા જ ગ્રંથોની આ પ્રદર્શની ત્રણ દિવસ સુધી જાહેર જનતા મટે ચાલુ હતી. જેનો મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો.

## વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા હોળી રસિયા ઉત્સવ ઉજવાયો




ગાંધીનગર, તા. ૨

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનની મહિલા પાંખના પ્રમુખ ડૉ.નીતાબેન શેખાવતના પૌત્ર શ્લોક પાર્થ શેખાવતના પ્રથમ જન્મદિન પ્રસંગે શિવરાત્રીના દિવસે વૈષ્ણવો માટે હોળી રસિયાનો ઉત્સવ ઉજવાયો હતો. જેમાં હાર્દિકભાઈ ગાંધીના કીર્તન ગ્રુપે કૃષ્ણ ગીતો અને હોળીના ગીતોની રમઝટ બોલાવી હતી. આ ઉત્સવને સફળ બનાવવા ડૉ. કાંતિભાઈ શેખાત, સંસ્થાના હોદ્દેદારો જશવંત ગાંધી, ડૉ. પ્રદીપભાઈ ગગલાણી, મૌલિક વી. પરીખ, જોલીબેન મહેતા, શોભનાબેન ઝાલાવાડીયા, હર્ષાબેન પી.શાહ, હવેલી પીઠ મંડળની બહેનોએ જહેમત ઉઠાવી હતી.


## જન્મદિને વધામણી



**સુકેતુ મહેતા**
રક્તદાતા, સમાજસેવક
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ



**આશિષ પટેલ**
રાધે રાધે ગૃપ



**કૃપા એચ. પટેલ**
મો. ૯૪૨૭૩૧૭૫૮૪

## ચિલ્ડ્રન યુનિવર્સિટી આયોજિત બાળસાહિત્ય સર્જન સ્પર્ધાનું પરિણામ



ગાંધીનગર, તા. ૨

ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા આયોજીત બાળ સાહિત્ય સર્જન સ્પર્ધા ૨૦૨૧ માં સમગ્ર ગુજરાતમાંથી ભાગ લીધેલ જુદા જુદા વય જુથના ૮૦૦ સ્પર્ધકોમાંથી માઉન્ટ કાર્મેલ પ્રાઈમરી સ્કુલ ગાંધીનગરનાં ધો. ૬ માં અભ્યાસ કરતા ગૌતમ હરેશભાઈ ગઢવીએ 'હાલરડા' સ્પર્ધા માં દ્વિતીય નંબર મેળવી શાળાને તથા સમાજને ગૌરવ અપાવ્યુ છે. ચિલ્ડ્રન યુનિવર્સિટના કુલપતિ તથા મુખ્ય મહેમાન ભાગ્યેશ જહા દ્વારા વિજેતાને ઈનામ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



સેકટર-૩ ન્યૂ શિવશકિત મંદિર ખાતે મહાશિવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંદિરને ફૂલોનો શણગાર, લાઈટિંગ, મહાઆરતી, ચારે પ્રહર પૂજન કર્યું હતું. મોટી સંખ્યામાં વસાહતી ભાઈ બહેનોએ ભોલેનાથની કૃપા મેળવી ધન્યતા અનુભવી હતી.

## કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે સાયબર ક્રાઈમ લોકજાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨

કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા ખાતે બુધવારના રોજ સાયબર ક્રાઈમ લોક જાગૃતિ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેના અનુસંધાને વિદ્યાર્થીઓને માહિતગાર કરવા અને માર્ગદર્શન આપવા સાયબર ક્રાઈમ ગાંધીનગર શાખામાંથી મૌસીનશા ફકીર સાહેબ અને પેથાપુર પોલીસ સ્ટેશનમાંથી મૌસીનશા ફકીરે શાળાના વિદ્યાર્થીઓને સાયબર, સાયબર ક્રાઈમ, તેમાંથી બચવાના ઉપાયો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક નારાયણભાઈ પટેલે કર્યુ હતું. છેલ્લે શાળાના શિક્ષિકાબેન વર્ષાબેન વણોલે આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.



## બલરામ મંદિર હોલ, સેકટર-૧૨ ખાતે નિઃશુલ્ક સ્વરક્ષણ તાલીમ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨

મહિલા દિવસ નિમિત્તે ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ તસ્વીરે ગાંધીનગર તેમજ પત્રકાર એકતા સંગઠનના સહયોગથી નિઃશુલ્ક સ્વરક્ષણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૫ અને ૬એ બહેનો માટે સ્વરક્ષણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં ૧૨ વર્ષથી ૫૫ વર્ષ સુધીની બહેનો ભાગ લઈ શકશે. આ સ્વરક્ષણ તાલીમમાં ભાગ લેવા માટે મો. ૮૪૦૧૦૮૮૬૭૭ પર પોતાનું નામ અને નંબર વોટસએપ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ તાલીમ બલરામ મંદિર હોલ, સેકટર-૨૧ ખાતે બપોરે ૧થી ૨.૩૦ અને ૩થી ૪.૩૦ દરમિયાન યોજાશે.





ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી પ્રેરિત જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર સંચાલિત સદવિચાર વિકલાંગ પુનર્વસન કેન્દ્ર ઉવારસદના સહયોગથી આઝાદી નાં અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્યકક્ષા ઉમંગ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત રાજ્ય માંથી ૧૧૫ જેટલા દિવ્યાંગ બાળકોએ રાસ લોકનૃત્ય સમૂહ ગીત વકૃત્વ સ્પર્ધા નિબંધ કાવ્ય લેખન દુહા છંદ ચોપાઈ એકાંકી જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલ સિંહ ગોલ તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## સમર્પણ કોલેજના વિદ્યાર્થીને ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. લોન ટેનિસમાં સિલ્વર મેડલ

ગાંધીનગર, તા. ૨

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ



ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી લોન ટેનિસ ટુર્નામેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો છે. બી.કોમ. સેમ-૪નો વિદ્યાર્થી વરુણ ધંધુકિયાએ સિલ્વર મેડલ મેળવીને કોલેજનું નામ ઝળહળ કર્યું છે. કોલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર એમ.ડી.પાંડે, પ્રિન્સિપાલ ડૉ. રાજી ડેનિસ તથા મહેન્દ્ર મોઢિયાએ અભિનંદન પાઠવ્યા હતા.

## બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે પાંચ શિવલિંગના દર્શન



ગાંધીનગર, તા. ૨

શિવશક્તિ ભવન, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજીના માર્ગદર્શન તળે આયોજિત રૂદ્રાક્ષ, ડાયમંડ, મખાણા, મગફળી અને મમરાના એમ પાંચ શિવલિંગના દર્શનનું દીપ પ્રગટાવી ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કે.એસ.રંધાવા, એમ.ડી., યુજીવીસીએલ, ભગિની મીરાબેન રામનિવાસ નિવૃત આઈજીપી, જિગરભાઈ પી.આઈ, પાર્થભાઈ ઠક્કર, સેક્રેટરી રોટરી ક્લબ, પ્રવીણભાઈ મોરી, રશ્મિકાન્ત આચાર્ય સાયન્ટિસ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં.

## આરાધના વિદ્યાવિહારમાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

આરાધના વિદ્યાવિહારમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૫ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રિન્કુ રાઠોડ પ્રથમ ક્રમે, અંજલિ શર્મા દ્વિતીય ક્રમે, મહેજબીન શેખ તૃતીય ક્રમે વિજેતા થયા હતા. મહેંદી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શિક્ષિકા બહેનોએ સફળ ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને મેનેજીંગ ટ્રસ્ટી રમણભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. ઠાકોર ખેમાબેન જીતાજી ઠાકોર,** ઉ.વ. ૭૫, બાલવા, કલોલ
- **સ્વ. ડાભી ભગાજી બચુજી,** ઉ.વ. ૪૨, પેથાપુર
- **સ્વ. સાકરીયા ઉષાબેન મનસુખભાઈ,** ઉ.વ. ૫૮, સેકટર-૪
- **સ્વ. પટેલ શાંતાબેન કેશવલાલ,** ઉ.વ. ૮૬, સેકટર-૨૩
- **સ્વ. સોલંકી નરોત્તમભાઈ લવજીભાઈ,** ઉ.વ. ૬૮, ચિલોડા
- **સ્વ. પટેલ કાન્તિભાઈ મંગળદાસ,** ઉ.વ. ૬૩, ચાંદીસણા, માણસા

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. હેડાઉ નટવરલાલ ઈશ્વરલાલ,** ઉ.વ. ૬૭, વાવોલ
- **સ્વ. પવાર કિશોરભાઈ સુમેરસિંગ,** ઉ.વ. ૫૨, સેકટર-૪

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, પેથાપુર શાખા દ્વારા મહાશિવરાત્રીની ઉજવણી





ગાંધીનગર, તા. ૨

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, પેથાપુર શાખા દ્વારા મહા શિવરાત્રી પર્વ નિમિત્તે શ્રી અચલેશ્વર મહાદેવ મંદિર ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સાંજે ૭ વાગ્યે મહાઆરતી તથા ભસ્મ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પેથાપુર શાખાના પ્રમુખ સાથે તમામ કારોબારી સભ્યોએ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં **'Best out of waste'** પ્રોજેકટ યોજવામા આવ્યો હતો, જેમાં નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી.ના બાળકોએ પોતાની મમ્મી સાથે મળીને ઘરમાં પડેલી બિનજરૂરી વસ્તુઓનો ઉપયોગ કરીને સ્નોમેન, ઘર, ઢીંગલી, હિંચકો, ટ્રેન, અવનવા રમકડાં, પેનસ્ટેન્ડ, મોબાઈલ સ્ટેન્ડ, પર્સ, બેગ જેવી અવનવી વસ્તુઓ બનાવી હતી. વાલિમિત્રોએ આ પ્રોજેકટમાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો, જેને માટે શાળા પરિવારે તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.